# દેશી રાજ્યોના વિલીનીકરણમાં સરદાર પટેલનો ફાળો

પ્રિયંકાબેન કીર્તિકુમાર પટેલ
પી.એચ.ડી. સ્કોલર, H.N.G.U Patan

## ૧. દેશી રાજ્યોના વિલીનીકરણ માં સરદાર પટેલનો ફાળો

આપણી રાષ્ટ્રીય જાગૃતિ ના ઈતિહાસમાં એમનું સ્થાન પ્રથમ શ્રેણીના વીર પુરુષનુ છે. આઝાદી બાદ એમણે દેશ ના વહીવટી તંત્રને જવાબદાર અને સુદ્રઢ બનાવ્યું. એમની દેશી રાજ્યોના વિલીનીકરણની સિદ્ધિ જગતના ઈતિહાસમાં અજોડ રહેશે. સરદાર વલ્લભભાઈ પટેલ જેવા ક્રાંતિકારી એવા જ સમર્થ શિલ્પકાર હતા. તેમણે રાષ્ટ્રના ઘડતર માટે અનેક કાર્યો કર્યા અને ભારતનું વિભાજન થયા બાદ ૫૬૨ જેટલા દેશી રાજ્યો હિન્દ સંઘમાં મેળવી અખંડ ભારતની રચના કરી હતી.

## ૨. દેશી રાજ્યોના વિલીનીકરણ માં સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિકા

બ્રિટનની સાર્વભૌમ સત્તા દૂર થતાં જ હિંદના તમામ દેશી રાજ્યો જૂના કરારમાંથી મુક્ત થયા. અને સરદાર પટેલની અસાધારણ સમયસૂચકતાને કારણે મોટા રાજાઓ નો વિરોધ હોવા છતાં ૪૦ જેટલા મોટા રાજ્યો અને ૪૦૦ જેટલા નાના રાજ્યોના પ્રતિનિધિઓ તારીખ ૧૪મી જુલાઈ ની બંધારણ સભાની બેઠકમાં હાજર રહ્યા હતા.

બ્રિટિશ હિંદની સત્તા હાથમાં આવતા દેશી રજવાડાનો સવાલ ઉકેલવાનો વર્ષો પહેલા કરેલી ભવિષ્યવાણી સાચી કરવાનો દિવસ આવી પહોંચ્યો હતો. શ્રી વી પી મેનન ની નોકરી ની મુદત પૂરી થતી હતી તેઓ નિવૃત્તિ લેવાની ઈચ્છા હતી તેથી સરદારે કહ્યું તમારાથી હમણાં છૂટા ન થવાય હવે દેશની સેવા કરવાનો ખરો સમય આવ્યો છે આવી કટોકટીના સમયે આરામ ની વાત ન કરાય ભર દરિયામાં જોખમ માં સપડાયેલું આપણું નાવ સલામત રીતે કિનારે લઈ જવાના કામમાં તમારી જરૂર છે.

સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રધાન તરીકે સરદારે રાજાઓને ઉદ્દેશીને એક નિવેદન બહાર પાડ્યું એ નિવેદન દરેક રાજાઓને મોકલવામાં આવ્યું અને રાજાઓને પોતાની માતૃભુમી પ્રત્યે વફાદારી બતાવી આપવાની હાર્દિક અપીલ કરવામાં આવી.અંગ્રેજોએ જ્યારે ભારતમાં પોતાનું શાસન સ્થાપ્યું ત્યારે તેમણે સર્વોપરિતાનો સિદ્ધાંત અમલમાં મૂક્યો પણ તેનો અમલ સહકાર કરતાં વધુ તો તાબેદારી ઓને ધોરણે કરવામાં આવ્યો છે. હવે જ્યારે અંગ્રેજ શાસનનો અંત આવી રહ્યો છે ત્યારે દેશી રાજ્યોને તેમની સ્વતંત્રતા પછી મળવી જોઈએ એવી માગણી થઈ છે દેશી રાજ્યો માંથી ઘણી મોટી સંખ્યાના રાજ્યો બંધારણ સભા માં જોડાયા નથી તેમને હું જોડાવાની અપીલ કરું છું જેમાં દેશનું સર્વ સામાન્ય હિત સમાયેલું છે એવી આ ત્રણ બાબતો પરત્વે સંઘમાં જોડાવાથી વિશેષ અમે તેમની પાસેથી કશું જ માગતા નથી. આ દેશની સંસ્કૃતિ અને તેના વ્યક્તિત્વમાં એ બધા જ લોકો નો સમાન અંશે સહભાગી બને છે આથી આપણે અજાણ્યાઓ તરીકે સંધિ કરવા કરતા મિત્રો તરીકે સાથે બેસીને કાયદા ઘડીએ તે આપણે માટે વધુ સારું છે. આપણી માતૃભુમી પ્રત્યે વફાદારી સાથે આપણા સૌના હિત ખાતર મૈત્રી અને સહકારની ભાવના પૂર્વક આપણા સંયુક્ત પુરુષાર્થોમાં જોડાવવા

માટે બંધારણ સભા માં આવવા માટે હું મારા મિત્રોને દેશી રાજ્યોના રાજવીઓને અને તેમના પ્રજાજનોને આમંત્રણ આપું છું.

ત્યારબાદ શ્રી મેનન રાજાઓ તથા પ્રધાનોને મળવાનું શરૂ કર્યું. અને સરદારના નિવાસ સ્થાને તારીખ 10મી જુલાઈ ૧૯૪૭ના રોજ એક સભા ગોઠવવામાં આવી તેમાં પટિયાલા અને ગ્વાલિયરના મહારાજા તથા દિવાનો તેમજ વડોદરા અને બિકાનેરના દિવાનો હાજર રહ્યા અને જોડાણ અંગે ચર્ચા કરી ત્યારથી રાજાઓ હિન્દી સંઘના સંપર્કમાં આવવા લાગ્યા સરદાર નો વિશ્વાસ સંપાદન કરવામાં ગૌરવ અનુભવવા લાગ્યા.

એ સમયમાં સરદાર તૈયાર કરેલા જોડાણના દસ્તાવેજની અને દુરસ્ત કરેલા સ્ટેન્ડસ્ટિલ એગ્રીમેન્ટ ના ખરડાની નકલો રાજાઓને વહેંચવામાં આવી. નવાઈની સાથે આનંદની વાત એ હતી કે આ કાર્યવાહી નરેન્દ્ર મંડળ દ્વારા ચાલી રહી હતી એ ખરડા ઉપર ચર્ચા-વિચારણા કરવા માટે એક સભા બોલાવવામાં આવી આ સભામાં બ્રીટીશ તાજના પ્રતિનિધી તરીકે લૉર્ડ માઉંટબેટનને હાજર રહ્યા હતા. તેમણે રાજાઓને સહાનુભૂતિથી સંબોધ્યા તેમણે રાજાઓને અસરકારક અપીલ કરી એવી ભાષામાં જણાવ્યું કે જેવી રીતે તમે તમારી પ્રજા કે જેના કલ્યાણ માટે જવાબદાર છો તેનાથી દૂર ભાગી શકવાના નથી તેવી જ રીતે તમારા નજીકના પડોશી કેન્દ્ર સરકારથી પણ દુર્ભાગી શકવાના નથી.

**રાજસ્થાન**

રાજપુતાનાનો એકમ થતાં અજમેર, જોધપુર, બિકાનેર અને જેસલમેર તેમાં ભળ્યા. અને તેમાંથી આજના રાજસ્થાન નું સર્જન થયું ઈ.સ.૧૯૪૯ની ૩૦મી માર્ચના રોજ રાજસ્થાન ઉદ્ઘાટન થવાનું હતું તે દરમિયાન જયપુરના મહારાજા નાનું વિમાન સળગી ઉઠ્યું. શ્રીમેનન ને થયું કે રાજસ્થાન યુનિયન રચવામાં મુશ્કેલી આવવાની કે શું? તેથી તેઓ દિલ્હી ગયા ત્યાં ગયા બાદ જાણ્યું કે સરદારના વિમાનને જયપુર નજીક નદીના ભાઠામાં ઉતરાણ કરવું પડ્યું હતું. મેમાન તો ચિંતામાં પડી ગયા અને સરદારે તેમને વાત્સલ્યભાવ એ કહ્યું કે તમે નથી જાણતા કે મને કશું થવાનું નથી. તે દિવસે રાજસ્થાનના એકમનું ઉદઘાટન થયું અને રાજા પ્રમુખ તથા પ્રધાનોને લઈને સોગંદવિધિ થઈ.

**પૂર્વના રાજયો**

ઈસ્ટનસ્ટેટ એજન્સીના 14 રાજ્યના રાજાઓ સાથે નાગપુરમાં સરદાર ની મુલાકાત ગોઠવવામાં આવી હતી. તે પ્રસંગે સરદારના સાથી દ્વારકા પ્રસાદ મિશ્રા હાજર હતા. જ્યારે તે 14 રાજ્યોનાં રાજાઓ સાથે જોડાણ સંબંધી વાતચીત થઈ હતી. ત્યારે સરદારે જવાબ આપ્યો અંગ્રેજો તો તમને પણ આઝાદ કરી ગયા છે તમે ઈચ્છો તો આઝાદ રહી શકો છો પણ તમારી પ્રજા તમારી વિરુદ્ધ બળવો કરશે તો સ્વરાજ્ય સરકારની ફરજો તે વખતે તમને મદદ કરવા નહીં આવે. રાજાઓએ પોતાની સ્થિતિ પર વિચાર કરીને કરારનામા પર સહી કરી આપી અને આગળ જતાં ઓરિસ્સાથી થયેલું મંગલાચરણ સમગ્ર ભારતમાં ઉદાહરણ રૂપ હતું.

**મૈસુર**

૧૯૪૭ માં રાજ્યનો વહીવટ પ્રજા પ્રતિનિધિ સભા ના ચૂંટાયેલા પ્રધાનોના હાથમાં સોંપી દીધો એટલે મૈસુર રાજ્ય હિંદ સંઘ સાથે જોડાવાની યોજનાને આવકાર આપ્યો. મૈસુર ઘણું વિકાસશીલ રાજ્ય હતું. સરદારેએ દિવસોમાં પથારીવશ હતા તેમણે શ્રી મેનનને બોલાવી ને પૂછ્યું કે મૈસુર મહારાજાનું સાવીયાણું કેટલી નક્કી થયું? મેના ને કહ્યું હજી નક્કી કર્યું

નથી સરદારે તરત જ મેનનને મૈસુર મોકલ્યા તેઓ સાવીયાણા ની રકમ મહારાજની ઈચ્છાનુસાર કરાવી આવ્યા. આમાં મહારાજાની દેશભક્તિ અને સરદારની રાજાઓ પ્રત્યે ઉદાર લાગણીના દર્શન થાય છે.

**વડોદરા**

વડોદરા મોટુ પણ ભૌગોલિક રીતે ટુકડાઓમાં વિભાજીત હતું તો બીજા રાજ્યો એટલા નાના અને ઓછી આવક વાળા હતા કે આધુનિક વહીવટી તંત્ર નભાવિ શકે નહીં. વડોદરા નો ઈતિહાસ ભાતીગળ હતો. સયાજીરાવ ગાયકવાડે એક ઉદાર પ્રગતિશીલ રાજવી તરીકે નામના મેળવી હતી. ઈ. સ.૧૯૩૯માં સયાજીરાવ નું અવસાન થતા તેમના પુત્ર પ્રતાપસિંહ રાવ વડોદરા ની ગાદીએ આવ્યા. જ્યારે દેશ મુશ્કેલી માં હતો ત્યારે પ્રતાપસિંહ રાવ એ સોદાગીરી માંડી. તેમણે ૨/૦૯/૧૯૪૭ ના પત્રમાં સરદારને લખ્યું કે હું નીચેની શરતોને ગુજરાત કાઠિયાવાડમાં કાયદો અને વ્યવસ્થા તથા સુલેહ શાંતી જાળવવાની જવાબદારી ઉપાડી લેવા તૈયાર છું અને શરતોમાં છ એ છ એજન્સી ઉપર ભારત સરકારની સત્તા વડોદરા રાજ્યને સોંપી દેવાની માંગણી હતી. અને કટોકટીની સ્થિતિ માં ભારત સરકારે વડોદરાને લશ્કરી મદદ કરવી એવી શરત પણ હતી.. તેથી સરદારે મહારાજને ચેતવ્યા કે પ્રાદેશિક મહત્વકાંક્ષા તમારો વિનાશ નોતરશે. મહારાજાએ જોયું કે પોતાના વલણથી સરદાર ગુસ્સે થઈ ગયા છે સરદાર સાથે ચર્ચા કર્યા પછી પ્રતાપસિંહ રાવે ૩૧/૦૧/૧૯૪૯ની અખબારી પરિષદમાં એની જાહેરાત કરી. ૨૧/૦૩/૧૯૪૯ માં દિવસે કરાર પર સહીઓ થઈ. ૧ મે એ રાજ્યોનો વહીવટ મુંબઈ સરકારે સંભાળી લીધો. મહારાજાએ વિજય સંદેશ પ્રગટ કર્યો.

**સૌરાષ્ટ્ર**

દેશના ભાગલા પડ્યા તે વખતથી જ સરદારે રાજાઓ સાથે સંબંધ બાંધવાનું શરૂ કરી દીધું હતું. બીજી બાજુ જામસાહેબ સૌરાષ્ટ્રના કેટલાક નાના મોટા રજવાડાઓનું જૂથ રચવા માંગતા હતા. સરદારને પણ આવા જૂથની રચના પસંદ ન હતી આખરે જામસાહેબ અને ભાવનગરના મહારાજ સમજી શક્યા કે ગમે તેમાં હાથમાં રાજ્ય સોંપવા કરતાં સરદારના હાથમાં સોંપવામાં રાજા પ્રજા બંનેની સલામતી છે.

જવાબદાર રાજતંત્ર રચવાની પ્રજાની માંગ થવા લાગી. પ્રજાની માંગણીને ભાવનગરના મહારાજાએ વધાવી લીધી . તેઓ સામે ચાલીને ગાંધીજી પાસે દિલ્હી માર્ગદર્શન મેળવવા ગયા. ગાંધીજીએ તેમને શાંતિથી સાંભળ્યા પછી સરદાર પાસે મોકલ્યા સરદાર ના આશીર્વાદ સાથે ભાવનગર નું પ્રધાનમંડળ રચાયું કાઠીયાવાડ ના બધા રાજ્યો પર ભાવનગરના આ પગલાની સારી અસર થઈ. ખૂબ ચર્ચા વિચારણાને અંતે કાઠિયાવાડના મોટાભાગના રાજાઓ ખુશીથી હિન્દુ સંઘમાં જોડાયા.

**જૂનાગઢ**

જૂનાગઢ કાઠીયાવાડ નું સૌથી મોટું દેશી રાજ્ય હતું. પાંચેક સદીથી મુસ્લિમ શાસકો રાજ્ય કરતા હતા. ૧૯૪૭૩માં અમદાવાદના સુલતાન મહંમદ બેગડાએ રા-માંડલીક પાસેથી જૂનાગઢ જીતી લીધું. જૂનાગઢ માં ઈ. સ ૧૯૪૭ સુધી બાબીઓનો વંશ વેલો ચાલ્યો. છેલ્લા બાબી શાસક નવાબ મહોબતખાન હતા. તેમને પશુપાલનના શોખીન હતા ઝીણાની એવી સલાહ હતી કે નવાબ ગમે તે રીતે 15 મી ઓગસ્ટ સુધી જોડાણ થી દૂર રહેવું. હકીકતમાં જૂનાગઢ દરિયાઈ માર્ગે અને જમીન માર્ગે પાકિસ્તાન સાથે જોડાણ કર્યું ત્યારે એક લાખ જેટલા લોકોએ જૂનાગઢ છોડી ગયા હતા. આખા કાઠિયાવાડમાં અશાંતિ ઉભી થવાનો ભય હતો નવાબને પણ પોતાની જિંદગી ખતરામાં છે એવી લાગણી

થઈ. તેથી નવાબ લેવાય એટલી માલમિલકત અને કુતરાઓની ટોળી લઈને પાકિસ્તાન ભેગા થઈ ગયા જૂનાગઢના દીવાન ભુટ્ટો પણ પાકિસ્તાન જતા રહ્યા અને ૯ નવેમ્બર ૧૯૪૭ના દિવસે ભારતે જૂનાગઢનો વહીવટ સંભાળી લીધો. પછી ભારત સરકારે પણ સભ્યોની એક કમિટી રચી અને સૌરાષ્ટ્રનું એક એકીકરણ થતાં જૂનાગઢને સૌરાષ્ટ્રના એકમમાં ભેળવી દેવાનો નિર્ણય થયો.

**કાશ્મીર**

બ્રિટિશ સરકારે સાર્વભૌમ સત્તા છોડી ત્યારે લોર્ડ માઉન્ટબેટને કાશ્મીરના મહારાજાને હિંદી સંઘ અથવા પાકિસ્તાન બે માંથી એકની સાથે કાશ્મીરનું જોડાણ કરવાની સલાહ આપી. પણ કાશ્મીરના મહારાજા હરિસિંહજીએ સલાહની અવગણના કરીને સ્વતંત્ર થયું હતું. પાકિસ્તાનને એવી ઈચ્છા હતી કાશ્મીર પોતાની સાથે જોડાય પણ મહારાજાએ પાકિસ્તાન સાથે સ્ટેન્ડસ્ટિલ કરારો કર્યા ખરા પરંતુ જોડાણ ન કર્યું. તેથી પાકિસ્તાને કાશ્મીર સાથે બધા સંપર્કો તોડી નાંખ્યા અને કાશ્મીરે જરૂરિયાતની વસ્તુઓ પૂરી પાડવા ભારત સરકારનો સંપર્ક સાધ્યો તેથી પાકિસ્તાન કાશ્મીરની સરહદે હુમલા શરૂ કર્યા.

આવી કટોકટીમાં કાશ્મીરના મહારાજાએ સરદારનો સંપર્ક સાધ્યો એમની શ્રી મેનનને કાશ્મીર મોકલ્યા અને હિન્દ સંઘ સાથેના જોડાણખત ઉપર સહી કરી આપી. પછી કેબિનેટ કશ્મીરની મદદ લશ્કર મોકલવાનો નિર્ણય કર્યો સરદાર કાશ્મીરનો પ્રશ્ન રાષ્ટ્રસંઘમાં લઈ જવા માંગતા ન હતા પરંતુ પાકિસ્તાન સાથેના યુદ્ધના ભયથી માઉન્ટબેટન અને પંડિતબનહેરુએ કાશ્મીરનો પ્રશ્ન રાષ્ટ્રસંઘ પાસે લઈ ગયા. અને કાશ્મીર નો સવાલ હંમેશને માટે ગંભીર શિરદર્દ જેવો બની રહ્યો છે.

**હૈદરાબાદ**

બ્રિટિશ સરકારે જાહેર કર્યું કે હિંદના દેશી રાજ્યોએ હિંદ સંઘ કે પાકિસ્તાન બેમાંથી એકની સાથે જોડાવાનું રહેશે. કોઈનું સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકારવામાં નહીં આવે ત્યારે નિઝામ ચિંતામાં પડ્યા. ભૌગોલિક રીતે ચોમેર હિંદ સંઘની સરહદ હતી એટલે તેની સાથે સ્ટેન્ડસ્ટીલના કરાર કર્યા વિના ચાલે તેમ ન હતું. નિઝામ અને હૈદરાબાદના મુસ્લિમ પક્ષો તો પાકિસ્તાન સાથે જોડાવા થનગની રહ્યા હતા.

આવી નાજુક પરિસ્થિતિમાં છતરી ના નવાબના પ્રમુખપણા નીચે હૈદરાબાદ રાજ્યનું એક પ્રતિનિધિમંડળ હિંદ સંઘના ગવર્નર જનરલ લોર્ડ માઉન્ટબેટનને મળવા પહોંચ્યું. લોર્ડ માઉન્ટબેટન દેશી રાજ્યોના દરેક પ્રશ્નમાં સરદારની સલાહ લેતા ઉપરાંત સરદારના મંત્રી શ્રી વી પી મેનન સલાહ મસલત વખતે હાજર રહેતા.

નિઝામ સરકારે છેલ્લે હિંદ સંઘ સામે યુનોમાં ફરિયાદ નોંધાવી હતી. ૨૩ મી સપ્ટેમ્બરે સલામતી સમિતિ એ ખાસ કેબલ કરીને એ ફરિયાદ પાછી ખેંચી લેવામાં આવી. ત્યારબાદ ૨૩મી નવેમ્બરે ૧૯૪૯ના રોજ નિઝામે એક ખાસ ફરમાનથી હૈદરાબાદ રાજ્યને હિંદ સંઘ સાથે જોડાયેલું જાહેર કર્યું. હૈદરાબાદ સમગ્ર દેશને માટે ભારે ચિંતાનો વિષય બન્યું હતું. એમાંથી દેશભરમાં કોમી હુલ્લડો ફાટી નીકળશે એવો ભય સેવવામાં આવતો હતો. પરંતુ ચાર દિવસમાં હૈદરાબાદનો પ્રશ્ન પતિ ગયો અને તેની સફળતા માટે સરદાર પર અભિનંદનનો વરસાદ વરસ્યો.

હૈદરાબાદના જોડાણથી હિંદના દેશી રાજ્યોના એકીકરણની પૂર્ણાહુતિ થઈ. આ ભગીરથ કાર્ય સરદારના જીવનની યશકલગી સમું બની ગયું.

## સંદર્ભસૂચી


૧. ગાંધી, રાજમોહન, 'સરદાર પટેલ એક સમર્પિત જીવન', 'નવજીવન પ્રકાશન', અમદાવાદ, ૧૯૯૦

૨. દોશી, યશવંત, 'સરદાર પટેલનું જીવન ચરિત્ર', ભાગ-૨, નવજીવન પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૨

૩. પાઠક, રામનારાયણ ના, 'સ્વતંત્ર ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ', અમદાવાદ, ૧૯૭૫